ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 27th January, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

..............................................................................., ભાવનગર.

## કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જીલ્લાની શાળાઓમાં યોજાયેલા વિવિધ કાર્યક્રમો.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને કલ્યાણ ફાઉન્ડેશન, ભાવનગર દ્વારા સંચાલિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર જીલ્લામાં ગણિત અને વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી જીલ્લાની શાળાઓ, કોલેજો ઉપરાંત મહિલા મંડળો અને ખેડૂતો માટે વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે.

જેના અનુસંધાને તા. ૨ અને ૪ જાન્યુઆરી, ૨૦૧૭ ના રોજ અનુક્રમે સણોસરા પ્રાથમિક શાળા, તા. શિહોર, કેરીયા પ્રાથમિક શાળા, તા. ઉમરાળા, ધોળા (જં) પ્રાથમિક શાળા, તા. ઉમરાળા અને અમરગઢ પ્રાથમિક શાળા, તા. શિહોર માં જોય ઓફ સાયન્સ તથા અંધશ્રદ્ધા નિર્મુલન કાર્યક્રમ કરવામાં આવેલ.

જેમાં વિધાર્થીઓ વિજ્ઞાન વિષયને રસપૂર્વક સમજે અને જાણે તેવા હેતુથી ગમ્મત સાથે જ્ઞાન આપવાનો કાર્યક્રમ એટલે જોય ઓફ સાયન્સ. જેમાં વિધાર્થીઓ તેમના અભ્યાસક્રમમાં આવતા નિયમો ,જેવા કે ચુંબકત્વનો નિયમ, સમતોલન વગેરે નિયમોથી માહિતગાર થાય. તેમજ આજના યુગમાં પણ સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા વિષે લોકોને માહિતગાર કરી લોકોને અંધશ્રદ્ધા વિષે જાગૃત કરવાનો કાર્યક્રમ એટલે અંધશ્રદ્ધા નિર્મુલન. જેમાં વિવિધ પ્રયોગો દ્વારા વિધાર્થીઓને તે પ્રયોગો પાછળના વૈજ્ઞાનિક કારણોથી અવગત કરવામાં આવ્યા હતા..

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાળાના આચાર્ય તથા શિક્ષકગણનો સંપૂર્ણ સાથ સહકાર મળેલ. આ કાર્યક્રમોમાં કુલ મળીને ૭૫૦ વિધાર્થીઓએ લાભ લીધેલ. જે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

24/01/17

(હર્ષદ જોષી)

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.